**<u>ફોજદારી કેસ નં. ૩૧૮૨૨/૨૦૨૪ ના કામે આંક–૧થી રજુ આરોપી મેહુલ કેસરભાઈ મેવાડાના એમ. વી. એકટની કલમ ૧૮૫ , પ્રોહી. કલમ ૬૬(૧) (બી) ના ગુનાના ચાર્જશીટ લગત હુકમ :–</u>**

**૧.** સદરહું કેસ આજરોજની તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજની નેશનલ લોક અદાલતના દિવસે સ્પેશ્યલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટના દિવસે આ અદાલત ધ્વારા હાથ ઉપર લેવામાં આવેલ છે.

**૨.** સદરહું કેસનું રેકર્ડ ધ્યાને લેતા તપાસ કરનાર અમલદા ધ્વારા તપાસના અંતે ક્રી. પ્રો. કોડની કલમ: ૧૭૩ અન્વયે આરોપી વિરુધ્ધ પ્રોહી. એકટની કલમ: ૬૬.૧.બી અને એમ.વી. એકટની કલમ: ૧૮૫ મુજબના ગુના સબબનુ ચાર્જશીટ દાખલ કરેલ છે અને સદરહું ચાર્જશીટ રજુ થતા આ અદાલત ધ્વારા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપી વિરુધ્ધ કોગ્નાઈઝન્સ લઈ આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ છે.

આરોપીને પ્રોસેસની બજવણી કરી, ફરીયાદ પક્ષ કોર્ટમાં આરોપીને હાજર રખાવી શકેલ નથી.

**૩.** વિ.એ.પી.પી.શ્રીની રજુઆત ધ્યાને લીધી.

**૪.** હવે, ક્રીમી. પ્રો. કોડની કલમ: ૪ ધ્યાને લેતા તેમાં ભારતીય દંડ સંહીતા અને બીજા કાયદા અન્વયેના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે અને કલમ: ૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા ક્રીમી. પ્રો. કોડની જોગવાઈ મુજબ કાર્યવાહી અનુસરવાની રહે છે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

**૪.૧** હવે, એમ.મી. એકટ ધ્યાને લેતા, તેમા ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અન્ય કાર્યવાહી બાબતે કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી. જેથી ક્રીમી. પ્રો. કોડની કલમ:૪(૨) મુજબ ક્રીમી. પ્રો. કોડની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

**૪.૨** હવે સદરહું આરોપી સામેના સદરહું ગુનાનો આરોપી ધ્યાને લેતા તેમાં પ્રથમ ગુના માટે છ માસ સુધીની સજા અથવા દસ હજાર રુપીયાનો દંડ અથવા બંને અને બીજા અને ત્યારપછીના ગુના બદલ બે વર્ષ સુધીની સજા અથવા પંદર હાજર રુપીયાનો દંડ

અથવા બંને એવી સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. આમ, સદરહું ગુનો સમન્સ ટ્રાયેબલ છે.

૪.૩ હવે, એમ.વી. એક્ટ ધ્યાને લેતા તેમાં સદરહું એમ.વી. એક્ટની કલમ૧૮૫નો ગુનો કોગ્નાઈઝેબલ છે કે નોન કોગ્નાઈઝેબલ છે તે અંગે કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી એવુ આ અદાલતનુ માનવુ છે. એમ.વી. એક્ટમાં સદરહુ ંબાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોવાથી ગુનો કોગ્નાઈઝેબલ છે કે નોન કોગ્નાઈઝેબલ છે તે નક્કી કરવા માટે ઉપર આગળ જણાવ્યા મુજબ ક્રીમી. પ્રો. કોડના શેડયુલ–૧ના ભાગ –૨, ક્રમાંક નં.૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેવી જરુરી છે અને તે ધ્યાને લેતા જે ગુનામાં ત્રણ વર્ષથી ઓછી મુદતની કેદની અથવા માત્ર દંડની શિક્ષાને પાત્ર ગુનો હોય તો તે નોન – કોગ્નાઈઝેબલ ગુનો ગણાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે અને તેથી એમ.વી. એક્ટની કલમ ૧૮૫નો ગુનો નોન કોગ્નાઈઝેબલ ગુનો ગણાય તેવુ આ અદાલતનુ માનસહ માનવુ છે.

૪.૪ હવે, એમ.વી. એક્ટની કલમ : ૨૦૨ ધ્યાને લેતા તેમાં પોલીસ ઓફીસરને વગર વોરંટે ધરપકડ કરવાની સત્તા આપવામાં આવેલ છે. હવે, એ નક્કી કરવાનુ રહે કે, એમ.વી. એક્ટની કલમ ૨૦૨માં પોલીસ ઓફીસરને વગર વોરંટ ધરપકડ કરવાની આપવામાં આવેલ સત્તાના કારણે શુ એમ.વી. એક્ટની કલમ: ૧૮૫ નો ગુનો કોગ્નાઈઝેબલ બની જાય છે ? હવે, આ તબ્બકે, મેહબુબ કોયા મોઈદીન વિ. રાજ્ય, નામ. કેરાલા હાઈકોર્ટ, ક્રીમી. એમ.સી. નં.૭૦૨/૨૦૧૧નો ચુકાદો ધ્યાને લેતા તેમા નામ. હાઈકોર્ટે પેરા–૧૧માં અવલોકન કરેલ છે કે, The above discussion leads me to the conclusion that, **<u>cognizance taken by the learned Magistrate of offence punishable U/s.185 of the Code on a chargesheet submitted by the police officer after an investigation is violation of Section 155(2) of the Code is illegal</u>** and for reason I have stated that, the said chargesheet can not also be a complaint as defined under Section 2(d) of the code. Cognizance taken being illegal is liable to be quashed. વધુમાં, પેરા–૧૨ માં અવલોકન કરેલ છે કે, <u>But that can not be the end of the matter so far as the case is concerned. Ld. Magistrate has to return the chargesheet and connected records.</u> The police officer, as indicated in para - 10 above may subject to the relevant leave seek permission of the ld. Magistrate Under Section - 155(2) of the Code and on receiving such

permission register a case, conduct investigation under Sub Section (3) of 155 and submitt a final report as provided under Section - 173(2) of the Code or if he is so advised, file a complaint on his own provided under Section 190(1)(a) and 200 of the Code in which case it is within the power of the Magistrate to order an investigation and call for the report under Section 202 of the Code. This would subject to the provision of the law of limitation etc. નામ. કેરાલા હાઈકોર્ટ ધ્વારા કરવામાં આવેલ સદરહું અવલોકન તથા સમગ્ર ચુકાદો ધ્યાને લેતા એમ.વી. એકટની કલમ ૨૦૨માં પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની જે સત્તા આપવામાં આવેલ છે તે સત્તાના કારણે એમ.વી. એકટની કલમ: ૧૮૫નો ગુનો કોગ્નાઈઝેબલ બની જતો નથી તથા સદરહું ગુનો નોન–કોગ્નાઈઝેબલ હોવાથી પોલીસ ક્રીમી. પ્રો. કોડની કલમ ૧૫૫(૨) અન્વયેની પરવાનગી મેળવ્યા સીવાય તપાસ કરી માત્ર સદરહું ગુના સબબનું ચાર્જશીટ કરી શકે નહી અને તેમ છતાં તપા સકરનાર અમલદારે ચાર્જશીટ કરેલ હોય અને તેના આધારે મેજીસ્ટ્રેટ ધ્વારા કોગ્નાઈઝન્સ લેવામાં આવેલ હોય તો તે ગેરકાયદેસરનુ છે તેવુ અવલોકન કરેલ છે.

**૪.૫** હાથ ઉપરના કેસમાં ક્રીમી. પ્રો. કોડની કલમ ૧૭૩(૨) અન્વયે કરવામાં આવેલ ચાર્જશીટ ધ્યાને લેતા, તપાસ કરનાર અમલદારે પ્રોહી. કલમ: ૬૬.૧.બી અને મો.વ્હી. એકટની કલમ: ૧૮૫ નો ગુનો નોન કોગ્નાઈઝેબલ હોવા છતાં ક્રીમી. પ્રો. કોડની કલમ: ૧૫૫ (૨) અન્વયે કોઈ પરવાનગી મેળવેલ નથી અને તેથી તપાસ કરનાર અમલદારે સદરહું આદેશાત્મક જોગવાઈનુ પાલન કરેલ નથી તેવુ આ અદાલતનુ માનવુ છે અને તેના કારણે ઉકત જણાવેલ નામ. કેરાલા હાઈકોર્ટના ચુકાદામાં જણાવ્યા મુજબ કોગ્નાઈઝન્સ લઈ શકાય નહી કારણ કે, જો કોગ્નાઈઝન્સ લેવા માં આવે તો તે ગેરકાયદેસરનુ કોગ્નાઈઝન્સ લેવામાં આવેલ છે તેવુ બને છે.

**૫.** આમ, ઉકત હકિકતો ધ્યાને લેતા, તપાસ કરનાર અમલદારે ઉકત જણાવેલ આદેશાત્મક જોગવાઈનુ પાલન કરેલ ન હોવાથી આરોપી વિરુધ્ધ સદરહુ ગુના સબબ કોગ્નાઈઝન્સ લઈ શકે નહી તેવુ આ અદાલતનુ માનસહ માનવુ છે પરંતુ ઉપર આગળ જણાવ્યા મુજબ હાથ ઉપરના કેસમાં કોગ્નાઈઝન્સ લેવામાં આવેલ છે.

**૫.૧** હવે આ અદાલતનુ માનવુ છે કે, આરોપી વિરુધ્ધ જે પ્રોસેસ ઈસ્યુ થયેલ છે તે ઉકત જણાવેલ નામ. કેરાલા હાઈકોર્ટના મેહબુબ કોયા મોયુદીન વિ. રાજય (સુપ્રા)

ના ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન મુજબ હાલના કેસમાં લેવામાં આવેલ કોગ્નાઈઝનસ ગેરકાયદેસરનુ છે તેથી જો પ્રોસેસ બજવણી થતા આરોપી આ અદાલતમાં હાજર થાય અને ગુનો કબુલ ન રાખે તો કેસમાં નોંધવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરી, સદરહું આદેશાત્મક જોગવાઈના ભંગનો લાભ આરોપીને આખરી જજમેન્ટમાં પણ આપવો પડે તેવુ આ અદાલતનુ માનવુ છે. આ ઉપરાંત ક્રીમી. પ્રો. કોડની કલમ: ૧૫૫ (૨) ની આદેશાત્મક જોગવાઈનો ભંગ કરી લેવામાં આવેલ કોગ્નાઈઝન્સથી કેસની કાર્યવાહી ક્રીમી. પ્રો. કોડની કલમ ૪૬૧ ધ્યાને લેતા દુષીત બને છે. આ ઉપરાંત નામ. કેરાલા હાઈકોર્ટનો મેહબુબ કોયા મોઈદીન વિ. રાજય (સુપ્રા) નો ચુકાદો ધ્યાને લેતા, આ અદાલતનુ માનવુ છે કે, ક્રીમી. પ્રો. કોડની કલમ: ૧૫૫(૨) અન્વયેની ઈન્ફર્મીટી ચાર્જશીટ બાદ સુધી શકાય તેમ નથી. પરંતુ મેજીસ્ટ્રેટ સદરહું પુર્તતા કરવા માટે ચાર્જશીટ તથા તેની સાથેના કાગળો પરત કરી શકે તેમ છે તેવુ અવલોકન કરેલ છે. આમ, સદરહું કેસમાં રહેલ સદરહું ઈન્ફર્મીટી સુધારી શકાય નહી તેવી ઈન્ફર્મીટી છે તેવુ આ અદાલતનુ માનવુ છે.

**૫.૨** હવે, ક્રીમી. પ્રો. કોડની કલમ: ૨૫૮ ધ્યાને લેતા મેજીસ્ટ્રેટ કાર્યવાહીના કોઈપણ પબ્બકે જજમેન્ટ જાહેર કર્યા સીવાય કારણો આપીને કેસની કાર્યવાહી સ્થગીત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. હાથ ઉપરના કેસમાં ઉકત જણાવેલ ફન્ફર્મીટી ધ્યાને લેતા તે સુધારી શકાય તે પ્રકારની નથી અને તેમ છતાં પ્રોસેસની બજવણી થતા જો આરોપી હાજર થાય અને આરોપીની પ્લી નોંધતા આરોપી ગુનો કબુલ ન રાખે અને ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવે તો પણ ઉકત જણાવેલ આદેશાત્મક જોગવાઈઓના ભંગ બદલ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તેવુ આ અદાલતનુ માનવુ છે. વધુમાં, આ અદાલતનુ માનવુ છે કે, નામ. કેરાલા હાઈકોર્ટનો મેહબુબ કોયા મોઈદીન વિ. રાજય (સુપ્રા)ના ચુકાદા પેરા–૧૨માં કરવામાં આવેલ અવલોકન મુજબ પોલીસ ઓફીસર ક્રીમી. પ્રો. કોડની કલમ: ૧૫૫(૨) અન્વયે પરવાનગી મેળવી, ફરીયાદ/કેસ રજીસ્ટર કરી શકે તેમ છે અને તેથી સદરહું ફરીયાદ આગળ ચલાવી અને છેલ્લે આદેશાત્મક જોગવાઈના ભંગનો લાભ આપી, કેસ ફેસલ કરવો તે કોર્ટ, આરોપી તથા ફરીયાદ પક્ષનો કિંમતી સમય બગાડવા સમાન ગણાશે તેવુ આ અદાલતનુ માનસહ માનવુ છે. આમ, સદરહું હકિકતો ધ્યાનેલેતા

હાલના કેસમાં આરોપી સામેનો સદરહું કેસની કાર્યવાહી ક્રીમી. પ્રો. કોડની કલમ: ૨૫૮ અન્વયે બંધ કરવી ન્યાયોચીત માની નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

૧) આરોપી સામેના સદરહું કેસમાં ક્રીમી. પ્રો. કોડની કલમ: ૧૫૫(૨) ની આદેશાત્મક જોગવાઈનો બાધ નડતો હોવાથી સદરહું કેસની કાર્યવાહી ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને હાલનો કેસ ફાઈલે કરવામાં આવે છે.

૨) વધુમાં, હુકમ કરવામાં આવે છે કે, નામ. કેરાલા હાઈકોર્ટના મેહબુબ કોયા મોયુદીન વિરુધ્ધ રાજય (સુપ્રા)ના ચુકાદા પેરા–૧૨માં કરવામાં આવેલ અવલોકન મુજબ પોલીસ ઓફીસર ક્રીમી.પ્રોસીઝર કોડની કલમ: ૧૫૫ (૨) મુજબ પરવાનગી મેળવી ફરીયાદ/કેસ રજીસ્ટર કરી શકશે.

૩) સદરહું હુકમની જાણ વિ.એ.પી.પી.શ્રી તથા સબંધીત પોલીસ સ્ટેશનને યાદીથી કરવી.

તા. ૧૪–૧૨–૨૦૨૪.
સ્થળ: રાજકોટ.

**(નેહા દિનેશભાઈ જોષીપુરા)**
૭મા અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
રાજકોટ.જજ કોડ નં.જીજે૦૧૭૦૧